જિલ્લા પંચાયતની નાયબ જિલ્લા વિકાસ અધિકારી,
વર્ગ-૧ની ખાલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**
ક્રમાંક-વહલ/૧૦૨૦૧૫/૧૨૦૬/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૨૯/૦૫/૨૦૧૫

<u>પરિપત્ર :</u>

જિલ્લા પંચાયતોની નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ સંવર્ગ (ગુજરાત વહીવટી સેવા, જુનિયર સ્કેલ)ની મંજૂર થયેલ જગ્યાઓમાં વિષયવાર કામગીરી વહેંચણી તથા ખાલી જગ્યાઓના વધારાના હવાલા સોંપવાના હુકમો જિલ્લા વિકાસ અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે.

સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે, અમુક કિસ્સામાં જિલ્લા પંચાયતોની નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ની ખાલી જગ્યા પર જિલ્લા પંચાયતમાં અન્ય નાયબ જિલ્લા વિકાસ અધિકારી હોવા છતાં મહેસૂલ, મહેકમ જેવા મહત્વના વિષયો સહિત અન્ય સંવર્ગોના વર્ગ-૧ના અધિકારીઓને વધારાનો હવાલો સંભાળવા માટે નિમવામાં આવે છે. જ્યારે ફરજ પરના નાયબ જિલ્લા વિકાસ અધિકારીને સંકલન, રજીસ્ટ્રી, જનરલ શાખા જેવી કામગીરી અપાય છે. જે વહીવટી ઔચીત્ય મુજબ જણાતું નથી

આથી નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ભરેલી જગ્યાએ તેના હોદ્દારૂપ કામની ફાળવણી કરવા તથા એક ખાલી જગ્યાનો હવાલો સામાન્ય રીતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીને ફાળવવા સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓને જણાવવામાં આવે છે. બીજી ખાલી જગ્યાનો હવાલો અન્ય અધિકારીને સોંપી શકાશે.

જ્યાં અધિકારીની ક્ષમતા અને પ્રામાણિકતાના પ્રશ્નો હોય ત્યાં કારણોને રેકર્ડ પર લઇ સરકારશ્રીની જાણ હેઠળ ખાલી જગ્યાનો અન્ય સંવર્ગના અધિકારીને હવાલો સુપ્રત કરી શકાશે.

(એચ.એન.મેજીયાતર)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ